(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ગુજરાત સ્થાપના દિવસે ગાંધી બાપુના બાવલાનું અપમાન થયું

કેટલાક લોકોની નજર પડતા મામલો સપાટીએ : લાલ કપડું ઓઢાડીને, પગે શ્રીફળ બાંધવા સહિતનું અંતિમ ક્રિયા જેવું કૃત્ય કરી નખાતા લોકોમાં ભારે રોષની લાગણી

અમદાવાદ, તા.૧

ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ એટલે કે ગઈકાલે શહેરના ઈન્કમટેક્ષ પાસે આવેલા ગાંધી બાપુના બાવલાની કોઈએ લાલ કપડું ઓઢાડી અને પગે શ્રીફળ બાંધવા સહિતનું અંતિમક્રિયા જેવું કૃત્ય કરી નાખતા લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. ગાંધીજીની કર્મભૂમિ અમદાવાદમાં જ અને ત્યારે આવી શરમજનક ઘટના ઘટી છે.

ઈન્કમટેક્ષ પાસે આવેલા મહાત્મા ગાંધીના બાવલા પાસેથી આજ રોજ સવારે પસાર થઈ રહ્યા હતા, ત્યારે કેટલાક વ્યક્તિઓની નજર ગાંધીજીના બાવલા ઉપર પડી ત્યારે બાપુના બાવલાને લાલ કપડું ઓઢાડીને તેમના પગે નાળાછડી તથા શ્રીફળ વગેરે બાંધીને અંતિમકર્યા કરી દેવામાં આવી હતી એટલું જ નહીં પરંતુ કંકુ અને ચોખાથી વિધી કર્યા હોવાનું પણ માલુમ પડ્યું હતું, દરેક વાહનચાલકો ગાંધીજીના બાવલા સામે જોતા જોતા જતા હતા ત્યારે જ કોઈક વ્યક્તિએ ત્યાં ફરજ બજાવતાં ટ્રાફીક પોલીસનું ધ્યાન ખેચ્યું હતું. ટ્રાફીક પોલીસે બાવલા પાસે જઈને તમામ વસ્તુઓ દૂર કરી હતી. આ જોતાં જ લોકોને ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. ગાંધીજીના બાવલા સાથે કોઈ માનસિક અસ્થિર વ્યક્તિએ આવું કૃત્ય કર્યું હોવાનું માનવામાં આવે છે તેમજ આ કૃત્ય મોડી રાત્રે અથવા વહેલી સવારે કરવામાં આવ્યું હોવાનું મનાય છે. આ ઘટના અંગે લોકોમાં રોષ ભરાઈ ગયો હતો. આ ઘટના અંગે પોલીસ તપાસ કરીને જવાબદાર લોકોને પકડીને સજા કરાવે તેવી માંગણી કરી છે.

મોદી ઉત્તરપ્રદેશમાં ચાર ચૂંટણી સભાઓ યોજશે

અમદાવાદ, તા.૧

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઝંઝાવતી પ્રચારમાં વ્યસ્ત રહ્યા છે. મોદી પ્રચારનો નવો રેકોર્ડ સર્જવાની પણ તૈયારીમાં છે. દરરોજ એક પછી એક રેલીઓ યોજી રહ્યા છે. મોદી ૧૨મી મે સુધી ચૂંટણી સભાઓ સંબોધે તેવી યોજના છે. ભાજપના કાર્યકરોમાં નવો ઉત્સાહ ઉમેરી રહ્યા છે. ભાજપ પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૨-૫-૧૪ને શુક્રવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશમાં ચાર ભારત વિજય ચૂંટણી સભાઓ સંબોધશે. સવારે ૯:૩૦ કલાકે ખલીલીબાદની જુનીયર હાઈસ્કુલના મેદાનમાં, ૧૦:૪૫ કલાકે બસ્તીના ગર્વમેન્ટ ઈન્ટર કોલેજના મેદાનમાં, બપોરે ૧૨:૦૦ કલાકે ગોંડામાં શહીદે આઝમ સરદાર ભગતસીંગ ઈન્દર કોલેજ ખાતે તથા બપોરે ૧:૦૦ કલાકે બલરામપુરમાં છોટા પરેડ ગ્રાઉન્ડ ખાતે નરેન્દ્ર મોદી જુદી જુદી જાહેરાતસભાઓને સંબોધશે.

શબ્દાવલી - ૫૩૮૧



આડી ચાવી

૧. હવાલદાર, ચોકી કરનાર માણસ (૪)
૫. ટાયરમાં ટાંકણી જેવી અણીદાર વસ્તુ વાગવાથી... થાય (૩)
૮. કચકચ (૪)
૯. કુંભારનો ચાક (૩)
૧૦. ખોટી જીદ (૩)
૧૪. પરૂ, રસી (૨)
૧૬. ખાંડની પેતા જેવી બનાવટ (૩)
૧૮. બધા ભેગા થાય તેવો પ્રસંગ (૪)
૧૯. આદર, આવકાર (૩)
૨૩. જકડી કે પકડી લેવું (૪)
૨૪. એક વાદ્ય (૩)

ઊભી ચાવી

૧. ત્વરાથી, ઝડપથી (૨)
૨. ખટમલ (૩)
૩. ખુરદો, સત્યાનાશ (૨)
૪. આંક (૩)
૫. ઓટલા પરિષદમાં બહેનો એકબીજીની ખોદણી કરે તે (૩)
૬. સળીઓનો પડદો (૨)
૭. ભેંકડો તાણવા કે રડવાની આજ્ઞા (૨)
૧૧. મનની થયેલ મેળાપ (૪)
૧૨. તપસ્વી, સાધુ (૩)
૧૩. લગ્નમાં માયરામાં વર-વધુને.... જમાડવાની વિધિ છે(૩)
૧૪. અનિલ, વાયુ, હવા (૩)
૧૫. કોહવાટ (૨)
૧૭. તરત જ, ત્વરાથી (૪)
૨૦. સુઇ જવું (૨)
૨૧. નાનો રોપો, છોડવું (૨)
૨૨. નાની રૂમ, ઘર (૨)

શબ્દાવલી ૫૩૮૦ના જવાબ

આડી ચાવી :- (૧) સુપેરે (૪) કાવડીયા (૭) બેન્સન (૮) પાળીયો (૯) દ્યન (૧૦) ચોલી (૧૨) નાપાક (૧૩) રાવ (૧૫) તાસક (૧૬) જટાયુ (૧૮) ખાપણું (૧૯) મણીયારો (૨૧) લીરા (૨૨) વારો

ઊભી ચાવી :- (૧) સુબેદ્યર (૨) પેન્સન (૩) રેન (૪) કાપાલીક (૫) વળી (૬) ડીયો (૧૦) ચોપાનીયું (૧૧) આવકવેરો (૧૩) રાસ (૧૪) રાજપરા (૧૫) તાપણી (૧૭) ટાણું (૧૮) ખાલી (૧૯) મરો (૨૦) યાર

હવે અમદાવાદના અનેક ભાગોમાં રોગચાળાની દહેશત

અમદાવાદ, તા.૧

શહેરમાં ગરમીની સિઝન શરૂ થતાની સાથે જ પાણીની સમસ્યા અને ગટર ઉભરાવવાની સમસ્યા વધતી ગઈ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાલુ કરવામાં આવેલી હેલ્પલાઈન નંબરમાં સૌથી વધુ ગટર ઉભરાવવાની ફરીયાદો કરવામાં આવી છે તેમ છતાં તંત્ર દ્વારા તેના કોઈ પગલાં લેવામાં આવી રહ્યા નથી. ગટરના પાણી ઉભરાતા ઘરમાં અને દુકાનોમાં ઘુસી જતાં લોકો ત્રાહીમામ થઈ ગયા છે. જેના લીધે રોગચાળાની દહેશત લોકોમાં ફેલાઈ ગઈ છે. શહેરમાં પથ્થરકુવા પોલીસ ચોકી સામે છેલ્લા કેટલાય દિવસોથી ગટર ઉભરાય છે તેમજ ગટરના પાણી દુકાનોમાં ઘુસી જતાં વેપારીઓના ધંધાને નુકશાન કરે છે. ત્યાંના વેપારીઓની તંત્રમાં વારંવાર ફરીયાદ કરવા છતાં પણ તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. તો કેટલીક જગ્યાએ રહેણાંક વિસ્તારોમાં ગટરનાં પાણી ઉભરાઈ જતાં ગટરના ગંદા પાણી સોસાયટીમાં ફરી વળ્યા છે.

રાજકીય પંડિતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદાનથી કોને કેટલા ફાયદો થયો છે તે તો આગામી ૧૬મી એપ્રીલના રોજ જાહેર થનાર પરીણામો બાદ જ ખ્યાલ આવશે.

જો કે હાલમાં ભાજપ કોંગ્રેસ સહીતના રાજકીય પક્ષો અને ઉમેદવારો પોતાના મત વિસ્તારમાં કયા બુથમાં કેટલુ મતદાન થયું કોના તરફી થયું હશે તેનો તાગ મેળવીને કઈ બેઠક કેટલી સરસાઈથી કોણ જીતશે અને કોણ હારશે એ અંગે ગણિતો માંડી રહ્યા છે. હવે પરિણામો બહાર આવે ત્યાં સુધી રાજકીય નેતાઓ આ ગણિત માંડવામાં વ્યસ્ત બન્યા છે.

કયા જિલ્લામાં કેટલું મતદાન

ગુજરાતમાં કયા જિલ્લામાં કેટલા ટકા મતદાન થયું તેને લઈને રાજકીય પક્ષો અને સામાન્ય લોકોમાં ભારે ચર્ચા રહી હતી. ડાંગ જિલ્લામાં સૌથી વધુ ૮૧.૩૨ ટકા મતદાન થયું હતું જ્યારે તાપી જિલ્લામાં ૮૦.૯૧ ટકા મતદાન થયું હતું. કયા જિલ્લામાં કેટલા ટકા મતદાન થયું તેનું અંતિમ ચિત્ર નીચે મુજબ છે.

જિલ્લો	મતદાનની ટકાવારી	જિલ્લો	મતદાનની ટકાવારી
કચ્છ	૬૨.૧૦	ભાવનગર	૫૬.૭૦
બનાસકાંઠા	૫૭.૬૩	બોટાદ	૫૫.૮૮
પાટણ	૫૯.૩૧	આણંદ	૬૪.૬૩
મહેસાણા	૬૬.૦૯	ખેડા	૫૮.૧૯
સાબરકાંઠા	૬૯.૫૭	મહિસાગર	૫૬.૫૫
અરવલ્લી	૬૪.૩૦	પંચમહાલ	૬૩.૨૮
ગાંધીનગર	૬૨.૧૪	દાહોદ	૬૩.૫૮
અમદાવાદ	૬૨.૬૯	વડોદરા	૭૧.૧૬
સુરેન્દ્રનગર	૫૬.૯૧	છોટાઉદેપુર	૬૯.૧૮
મોરબી	૬૨.૩૩	નર્મદા	૭૯.૯૨
રાજકોટ	૫૯.૮૦	ભરુચ	૭૨.૯૧
જામનગર	૬૦.૧૪	સુરત	૬૫.૫૭
દેવભૂમિ દ્વારકા	૫૨.૯૯	તાપી	૮૦.૯૧
પોરબંદર	૫૧.૨૦	ડાંગ	૮૧.૩૨
જૂનાગઢ	૫૬.૧૩	નવસારી	૭૨.૪૮
ગીર સોમનાથ	૬૬.૦૨	વલસાડ	૭૩.૦૬
અમરેલી	૫૪.૫૦	કુલ	૬૩.૩૧

રાજ્યની ૧૦૦થી વધુ સાંધ્ય કોર્ટ ગ્રાન્ટના અભાવથી બંધ

નવેમ્બર ૨૦૦૬માં ૧૦૦થી વધારે સાંધ્ય કોર્ટ સ્થાપિત કરાઈ હતી : સામાન્ય સજાના હળવા કેસો ચાલતા હતા

અમદાવાદ, તા.૧

પ્રોહીબીશન, જાહેરનામા ભંગ, અકસ્માતમાં સામાન્ય ઈજાના કેસો તેમજ હળવી સજાવાળા કેસોનું ભારણ ઓછું કરવા રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬માં ૧૦૦થી સાંધ્ય અદાલતો શરૂ કરવામાં આવી હતી. આધારભૂત સુત્રોની માહિતી અનુસાર સાંધ્ય અદાલતોને જરૂરી ગ્રાન્ટ ન મળતા આ સાંધ્ય અદાલતો ગુજરાતના સ્થાપના દિવસ ૧લી મે થી બંધ કરવામાં આવી છે.

પ્રોહીબીશન, અકસ્માતના સામાન્ય ગુનાઓ, જુગાર ધારાના કેસો કમિશનર જાહેરનામા ભંગના કેસો વગેરે જેવા સામાન્ય પ્રકારના હળવા કેસો ચલાવી કેસોનું ભારણ ઓછું કરવા નવેમ્બર ૨૦૦૬માં ૧૦૦થી સાંધ્ય અદાલતો શરૂ કરવામાં આવી હતી. આ સાંધ્ય કોર્ટોનો સમય સાંજે ૬ થી રાતના ૮ સુધી રાખવામાં આવ્યો હતો. જીલ્લા મથકોએ જ્યાં વધુ કેસોનો ભરાવો હોય તેવા જીલ્લા મથકોએ કેસોના ભરાવા પ્રમાણે ઓછામાં ઓછી બે અને વધુમાં વધુ છ જેટલી કોર્ટ શરૂ કરવામાં આવી હતી.

આધારભૂત સુત્રોની માહિતી મુજબ ગ્રાન્ટ મળવાનું બંધ થતાં આજે ગુજરાતની સ્થાપના દિનના દિવસથી સાંધ્ય કોર્ટો બંધ થઈ રહી છે. સમગ્ર ગુજરાતમાં ૧૦૦થી વધુ રાત્રી અદાલતો ચાલતી હતી જો કે સાંધ્ય અદાલતોને ધારી એવી સફળતા મળી ન હતી. સાંધ્ય અદાલતો ગુજરાતમાં છેલ્લા આઠ વર્ષથી કામ કરતી હતી જે બંધ થતા હવે રાબેતા મુજબ ચાલતી કોર્ટોમાં ફરી આ પ્રકારના કેસોનો ઉમેરો થતો રહેશે તેવી વકીલ આલમમાં ચર્ચા ચાલી રહી છે.

પેટાચૂંટણી મતદાન ટકાવારી

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની સાથે સાથે વિધાન સભાની સાત બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી. પેટાચૂંટણીમાં કયા જિલ્લાની કઈ બેઠક પર કેટલા ટકા મતદાન થયું તેને લઈને પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અબડાસા, રાપર, હિંમતનગર, વિસાવદર, સોમનાથ, લાઠી, માંડવીની બેઠક ઉપર પેટા ચૂંટણી યોજાઈ હતી. કચ્છ જિલ્લામાં બે બેઠક ઉપર ૬૪.૯૬ ટકા, સાબરકાંઠાની હિંમતનગર બેઠક પર પણ ઉંચુ મતદાન થયું હતું. સુરતની માંડવી (એસટી) બેઠક ઉપર ઉંચું મતદાન થતાં સસ્પેન્સની સ્થિતિ છે. હવે પેટાચૂંટણીમાં કઇ બેઠક પર કેટલા ટકા મતદાન થયું છે તેનું ચિત્ર સ્પષ્ટ થઈ ચુક્યું છે જે નીચે મુજબ છે.

વિધાનસભા બેઠક	મતદાનની ટકાવારી
અબડાસા (કચ્છ)	૭૦.૧૯
રાપર (કચ્છ)	૫૬.૬૨
હિંમતનગર (સાબરકાંઠા)	૭૧.૮૭
વિસાવદર (જૂનાગઢ)	૫૬.૦૬
સોમનાથ (ગીરસોમનાથ	૭૪.૮૪
લાઠી (અમરેલી)	૬૪.૮૬
માંડવી (એસટી) (સૂરત)	૬૭

પરશુરામ જયંતિના પ્રસંગે શહેરમાં ભવ્ય શોભાયાત્રા

અમદાવાદ, તા.૦૧

ભગવાન વિષ્ણુના અવતાર ભગવાન પરશુરામને માનવામાં આવે છે ત્યારે આજે પરશુરામ જયંતિ હોવાથી શહેરમાં ઠેર ઠેર તેની ઉજવણી

કરવામાં આવી હતી. મંદિરોમાં અને ઘરોમાં લોકોએ પરશુરામની ઉપાસના કરીને તેમને રીઝવવાના પ્રયાસો કર્યા હતા. ઉપરાંત મંડળો દ્વારા અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ ભાગમાં બે અલગ અલગ સ્થળોએ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

શહેરના પાલડી વિસ્તારમાં સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા સવારે કૌશલેન્દ્ર મઠ ભઠ્ઠાથી શરૂ કરવામાં આવી હતી. આ યાત્રા ત્યાંથી શોભાયાત્રા અંજલી ચાર રસ્તા, જીવરાજ પાર્ક ચાર રસ્તા, વેજલપુર બસ સ્ટેન્ડ, બુટભવાની મંદિર, રાહુલ ટાવર ચાર રસ્તા, સીમા હોલ જોધપુર ચાર રસ્તા, માનસી સર્કલ, વસ્ત્રાપુર તળાવ, ડ્રાઈવઈન રોડ, ગુરૂકુળ, ભૂંયગદેવ, ઘાટલોડીયા, નિર્ણયનગર, અખબારનગર, વ્યાસવાડી પરશુરામ ચોક, બલોલનગર ચાર રસ્તાથી રાણીપ ગાયત્રી મંદિર વિદ્યાલય ખાતે બપોરે ૧૨ કલાકે પૂર્ણ થઈ હતી. શોભાયાત્રામાં ૪ વેધ, ૧૮ પુરાણ અને ભગવાન પરશુરામના રથ હતા. બેન્ડવાજા ડીજે અને ભજન મંડળીઓ પણ હતા. શોભાયાત્રામાં ૭૦ જેટલા વાહનો જોડાયા હતા, ૧૫ કિમીની શોભાયાત્રાનું ૩૦ જગ્યાએ સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડતાલના અજેન્દ્રપ્રસાદ સામે તિરસ્કાર અરજી દાખલ કરાઈ

અરજી પર સુનાવણી ઉપર તમામની નજર : ટ્રાયલ કોર્ટે અજેન્દ્રપ્રસાદને આચાર્ય પદેથી બરખાસ્ત કર્યા હતા

અમદાવાદ, તા.૧

વર્ષ ૨૦૦૪માં વડતાલના આચાર્ય અજેન્દ્રપ્રસાદને આચાર્યપદેથી કોર્ટ દ્વારા બરખાસ્ત કરવામાં આવ્યા છતાં તેઓ આચાર્ય તરીકે પ્રવચન આપતાનું ચાલુ રાખતા તેમના વિરૂદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની અરજી દાખલ કરવામાં આવી છે. આ કેસની વિગત એવી છે કે વર્ષ ૨૦૦૪માં વડતાલના આચાર્ય અજેન્દ્રપ્રસાદને કોર્ટે બરખાસ્ત કર્યા હતા તેમ છતાં અજેન્દ્રપ્રસાદ મુંબઈના ડોંબીવલી ખાતે આચાર્ય તરીકે પ્રવચન આપતા હતા તેથી અરજદાર સ્વામી કેશવ પ્રકાશજી અને જનકભાઈ પટેલ દ્વારા અજેન્દ્રપ્રસાદ, નરેન્દ્ર પ્રસાદ પાંડે, નગેન્દ્રપ્રસાદ પાંડે અને એસપી સ્વામી વિરૂદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની અરજી દાખલ કરવામાં આવી છે. અરજદારે અરજીમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૪માં અજેન્દ્રપ્રસાદને આચાર્યપદેથી કોર્ટ દ્વારા બરખાસ્ત કરવામાં આવ્યા છે. છતાં પણ તેઓ પોતાને આચાર્ય તરીકે ઓળખાવે છે. અને વિવિધ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા સહિતની વિધિ કરે છે. ઉપરાંત મુંબઈના ડોંબીવલી ખાતે કરવામાં આવેલી મૂર્તિ પ્રતિષ્ઠાની આમંત્રણ પત્રિકામાં પણ તેમણે પોતાને આચાર્ય તરીકે દર્શાવતો ફોટો છપાવ્યો હતો અને પ્રવચન પણ આપ્યું હતું. તેથી તેમની વિરૂદ્ધ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી થવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે અજેન્દ્રપ્રસાદને ટ્રાયલ કોર્ટ આચાર્ય પદેથી બરખાસ્ત કર્યા બાદ તેમણે સુપ્રીમ કોર્ટ સુધી લડત આપી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે પણ નીચલી અદાલતનો ચુકાદો માન્ય રાખ્યો હતો અને તેમની અરજી ફગાવી દીધી હતી.

અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં પ્રાઈમસમાં ભડકો થતાં દાઝેલી મહિલાનું મોત

અમદાવાદ, તા.૧

શહેરના બહેરામપુરા વિસ્તારમાં રહેતા ૫૬ વર્ષીય મહિલાનું પ્રાઈમસમાં ભડકો થવાથી દાઝી જતાં કરૂણ મોત નિપજ્યું છે. બહેરામપુરાના દુધવાળી ચાલીની શ્રીમંત સોસાયટીમાં રહેતા કૌલાસબેન ભીખાભાઈ ઠાકોર ત્રણ દિવસ અગાઉ બપોરના સમયે પોતાના ઘરે રસોઈ બનાવવા માટે પ્રાઈમસમાં કેરોસીન ભરીને સળગાવવા જઈ રહ્યા હતા તે દરમ્યાન અચાનક પ્રાઈમસમાં ભડકો થતાં કૌલાસબેન ગંભીરરૂપથી દાઝી ગયા હતા.

તેમને તાત્કાલીક સારવાર માટે વીએસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગત રોજ તેમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ ચાંદલોડીયા વિસ્તારમાં આત્મહત્યાનો બનાવ નોંધાયો છે.

ચાંદલોડિયાના ભવાનપુરા સોસાયટીમાં રહેતા ૧૯ વર્ષીય રવિ દિનેશભાઈ પંચાલે ગત સાંજના સમયે કોઈ કારણોસર પોતાના ઘરે ગળે ફાંસો ખાયને જીવન ટુકાવ્યું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

સટ્ટા રેકેટનું ફરી એકવાર પર્દાફાશ

એકની ધરપકડ : ઝડપાયેલા શખ્સની પુછપરછ શરૂ

અમદાવાદ, તા.૧

શહેરના ગોતા વિસ્તારમાંથી પોલીસે આઈપીએસ મેચ પર રમાતા સટ્ટાનો પર્દાફાશ કર્યો છે. આ મામલે પોલીસે એક શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ક્રાઈમબ્રાન્ચના પોલીસે બાતમીના આધારે ગોતા વિસ્તારમાં આવેલ વંદે-માતરમ પાસેના આઈસીબી આઈસલેન્ડ ફ્લેટ બ્લોક નંબર "ઈ" મકાન નંબર ૫૦૨ માંથી સટ્ટાનું રેકેટ ઝડપી પાડવામાં સફળતા હાથ લાગી હતી. આ મામલાનો આરોપી રજનીકાંત ઉર્ફે રાજુભાઈ ઠક્કરની ધરપકડ કરી છે. આરોપી રજનીકાંત ડ્રાઈવઈન રોડ પર આવેલા ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં રહે છે. પોલીસે બનાવ સ્થળેથી ટીવી, મોબાઈલ નંગ-૭, રોકડ રકમ ૪૫૦૦ લેપટોપ મુદ્દામાલ કબ્જે કર્યો હતો ઝડપાયેલ શખ્સ મેચ રાજસ્થાન રોયલ્સ અને કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચેની મેચ પર સટ્ટો રમાડી રહ્યો હતો જ્યારે અન્ય એક શખ્સ બોપલમાંથી પૈસા કમાવવાનું કામ કરી રહ્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની જીત થાય તે માટે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

દાયકાનો વિક્રમ તૂટ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકો પર નોંધપાત્ર મતદાન થયું હતું. મતદાન જાગૃતિ અભિયાને પણ રંગ રાખતા મતદારોનો અનોખો મિજાજ જોવા મળ્યો હતો. ગાંધીનગર લોકસભાની બેઠક પર પણ વિક્રમી મતદાન થયું હતું. છેલ્લા ત્રણ દાયકામાં સૌથી વધુ મતદાન થયું હોવાનુ ધ્યાને આવ્યું છે. ગાંધીનગર લોકસભાની બેઠક માટે ૬૫.૧૦ ટકા મતદાન નોંધાયું છે. આ બેઠક પરથી ૧૭,૩૩૦૭૬ પૈકી ૧૧૨૮૨૯૫ મતદારોએ મતદાન કર્યુ હતુ. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં વિધાનસભાની ૭ બેઠકો પૈકી સૌથી વધુ ૬૯.૯૪ ટકા ઘાટલોડીયા બેઠક પર મતદાન નોંધાયું હતું. જ્યારે સૌથી મોજુ ૬૨.૭૧ ટકા ગાંધીનગર ઉત્તરની બેઠક પર નોંધાયું છે. આ ઉપરાંત કલોલમાં ૬૪.૩૧ ટકા, સાણંદમાં ૬૪.૫૬ ટકા, વેજલપુરમાં ૬૫.૭૪ ટકા, નારણપુરામાં ૬૫.૪૧ ટકા અને સાબરમતીમાં ૬૫.૨૦ ટકા મતદાન નોંધાયું છે. જ્યારે ગાંધીનગર બેઠક પરનુ મતદાન પણ ૬૫.૧૦ ટકા જેટલું ઉંચુ રહ્યું હતું.

ઓછું મતદાન થયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરફેણમાં વધુ મતદાનની હાઈપ ઉભી કરવા છતાં વાસ્તવિકતામાં મતદાન ૮.૭૧ ટકા ઓછું થયું છે. લોકસભાની ચૂંટણીમાં જ્યાં એક તરફ ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની વ્યક્તિગત પ્રતિષ્ઠા દાવ પર લાગી છે ત્યારે ગુજરાતમાં ગત વિધાનસભાની ચૂંટણીની સરખામણીમાં લોકસભાની ચૂંટણીમાં ઓછું મતદાન થયું હોવાથી સંગઠનના અનેક નેતાઓના મોં સિવાઈ ગયા છે અને નરેન્દ્ર મોદીની સખત મહેનત પર પાણી રેડાઈ રહ્યું હોય તેવાં આંકડાકીય સંકેતો મળી રહ્યાં છે. જેમાં ગુજરાતમાં ૨૬માંથી ૨૬ બેઠકો કબ્જે કરવાનો ભાજપનો મનસૂબો પૂરો થાય તેવી શક્યતાઓ ખૂબ જ નહીંવત જણાય છે. જ્યારે કોંગ્રેસની સ્થિતિમાં નોંધપાત્ર ફેર પડશે નહીં તેવું ગણિત રાજકીય પંડિતો માંડી રહ્યા છે. આમ, એકંદરે ભાજપના મોટા મોટા દાવાઓ પાછળ તળે અંધારું જેવી સ્થિતિ સર્જાઈ હોવાનો કેટલાક ભાજપના નેતાઓ પણ નામ નહીં આપવાની શરતે સ્વીકારી રહ્યા છે.

કચેરી નવા બિલ્ડીંગમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રની કચેરી અત્યાર સુધી એમ.એસ. બિલ્ડીંગના સાતમાં માળે કાર્યરત હતી. જ્યારે નવી ઓફીસ ફળવાતા જ ડી.ઈ.ઓ. કચેરી હવે આ જિલ્લા કક્ષાના નવા બિલ્ડીંગમાં ખસેડવામાં આવી છે. જો કે હાલ અહીં જીસ્વાન કનેક્ટીવીટી સહિતની અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં થોડો સમય લાગે તેમ છે. જ્યારે ઓફિસનું ફર્નીચરનુ કામ પણ હજુ બાકી છે. ત્યારે ડી.ઈ.ઓ. ઓફીસની જૂની સાધન સામગ્રી અહી ખસેડી ઓફિસ નવી જગ્યાએ શરૂ કરી દેવાઈ છે.

ચાર દિવસના રિમાન્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બારોટે આ મામલે સીટ, એલ.સી.બી., ગાંધીનગર એસ.પી. તથા સ્થાનિક પી.આઈ.ને ફરિયાદ કરી હતી. જેને પગલે આ પ્રકરણમાં ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ, રોમિલ રમેશ પટેલ, ભાનુબેન રમેશભાઈ પટેલ, ધીરેન પ્રહલાદ પટેલ, ભારત રણછોડ પટેલ, નટવર નાથાલાલ પટેલ તથા ગેરકાયદે લોન પાસ કરનાર બેંક અધિકારી સહીત ૧૦ જણા સામે છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી એલ.સી.બી.એ તપાસ શરૂ કરી મુખ્ય સુત્રધાર બિલ્ડર રમેશ રેવા પટેલની એલ.સી.બી.ની ટીમે ધરપકડ કરી ઝીણવટભરી તપાસ માટે પાંચ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. જે આજે પુરા થતા કોર્ટમાં રજુ કરી વધુ રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે વધુ ચાર દિવસના રીમાન્ડ મંજુર કરતા એલસીબીએ વધુ તપાસ આરંભી છે.